# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ જીલ્લો, જુનાગઢ
## સને–૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ (આંક–૨૨)ની કલમ–૩૩(૧)બી હેઠળનું જાહેરનામું

---

નં.એમએજી/સી/૨૪૧૨/૧/૨૦૧૯ તા. ૧૫/૦૨/૨૦૨૦

**–:: હુ ક મ ::–**

આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા.૨૪/૧૨/૨૦૧૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા આન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી /૨૦૨/૨૦૨૦, તા.૧૫/૦૨/૨૦૨૦ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે ઉકત જાહેરનામાથી જેતપુર–સોમનાથ નેશનલ હાઈવેના જુનાગઢ બાયપાસ ચોકડીથી ધોરાજી બાયપાસ ચોકડી સુધી અને.એચ.–૮–ડી રોડ ઉપર કન્સ્ટ્રકશન વર્ક શરૂ કરવામાં આવેલ હોય, જેથી આ રૂટ પર પર વાહનોની આવર–જવર પર પ્રતિબંધ ફરમાવતું અને આ બાયપાસ રોડ પરથી પસાર થતા વાહનો જુનાગઢ શહેરમાંથી ડાયવર્ટ કરવાનું જાહેરનામું તા.૨૫/૧૨/૨૦૧૯ થી તા.૨૨/૦૨/૨૦૨૦ સુધીના સમય માટેનું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરંતુ આગામી તા.૧૭/૨/૨૦૨૦ થી તા.૨૧/૦૨/૨૦૨૦ સુધી યોજાનાર મહાશિવરાત્રી મેળામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ તથા ભાવિકો અલગ–અલગ વાહનોમાં આવનાર હોય, જેથી ખુબજ મોટા પ્રમાણમાં વાહનો આવવાની શકયતા રહેલ હોય, જેથી ટ્રાફિક નિયમનના હેતુસર બાયપાસ રોડ જે હાલ રીપેરીંગ અર્થે બંધ કરવામાં આવેલ. જે બાયપાસ રોડની સાઈડો પર થઈ ચકાસણી કરતા બાયપાસ ઉપરથી વાહનો પસાર થઈ શકે તેમ હોય, તેમજ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયાના અધિકારીશ્રી તરફથી બાયપાસ ચાલુ કરવા મંજુરી આપેલ હોય જેથી બાયપાસ ઉપર તમામ પ્રકારના વાહનો અવર જવર કરી શકશે તે બાબતેનું સુધારા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સદરહુ દરખાસ્ત જાહેર જનતાની સલામતી અને ટ્રાફિક નિયમન માટે, વ્યાજબી જણાતી હોય, હું ડૉ. સૌરભ પારઘી , આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જૂનાગઢ આ કચેરીએથી સરખા ક્રમાંકનું તા.૨૪/૧૨/૨૦૧૯ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે જાહેરનામાનો અમલ તા.૧૬/૦૨/૨૦૨૦ થી તા.૨૨/૦૨/૨૦૨૦ ના સમય સુધી (બન્ને દિવસો સહિત) મુલત્વી રાખવાનો અને તા.૨૪/૧૨/૨૦૧૯ ના પહેલાની સ્થિતિ મુજબ જુનાગઢ બાયપાસ રોડ ઉપરથી તમામ પ્રકારના વાહનો પસાર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૫, માહેઃ ફેબ્રુઆરી, સને–૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

(ડૉ. સૌરભ પારઘી)
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જૂનાગઢ

જીલ્લા મેજીસ્ટ્રેટ સત્યમેવ જયતે જુનાગઢ જીલ્લો જૂનાગઢ

AGTTA
DT. : 19/2/2020
File No. : 20

<u>નકલ રવાના :–</u>

૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

જાહેરનામાની વધારાની ૧૦–નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાના સંબંધકર્તા પોલીસ ઈન્સપેકટર/સબ ઈન્સ્પેકટરશ્રીઓને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધી કરવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખવા તથા જાહેરનામાની અમલવારી કરાવવા અર્થે જાહેરનામુ પ્રસિધ્ધ કરી તેનુ રોજકામ કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

૨) કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ.

૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.

૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ.

૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

૬) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, જુનાગઢ.

૭) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. જુનાગઢ.

૮) મામલતદારશ્રી, જુનાગઢ (શહેર)/ જુનાગઢ(ગ્રામ્ય)

૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ.

– આ જાહેરનામાની પ્રસિધ્ધી કરી તેનું રોજકામ કચેરીના રેકર્ડ પર રાખી જાહેરનામાની અમલવારી માટે ઘટતુ કરવા વિનંતી છે.

૧૦) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, જુનાગઢ.

આ જાહેરનામાની વિગતે દૈનિક વર્તમાન પત્રોમાં પ્રેસનોટ તરીકે વિનામુલ્યે વ્હેલાસર પ્રસિધ્ધ કરવા અર્થે.

૧૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

હુકમની નકલ આ સાથે સામેલ છે તો તેનું ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવા અને તેની પાંચ નકલો તુર્ત અત્રેની કચેરીને રેકર્ડ માટે મોકલી આપવા વિનંતી છે.

૧૨) કચેરીની રેકર્ડ શાખા :– સરકારી પ્રેસ રાજકોટ પાસેથી સરકારી ગેઝેટ મેળવી રેકર્ડ પર રાખવા અર્થે.

<u>નકલ</u> :–

(૧) પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા (પીઆઈયુ), સોમનાથ

– જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૨) પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન, ૭૩/એ, સહાજનંદ શોપીંગ સેન્ટર, શાહી બાગ, અમદાવાદ – જાણ તથા બહોળી પ્રસિધ્ધી થવા સારૂ.

(૩) આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

૨) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ

જીલ્લા મેજીસ્ટ્રેટ સત્યમેવ જયતે જુનાગઢ જીલ્લો જુનાગઢ